## પ્રૌઢશિક્ષણ માટેનું પ્રમાણીત સાહિત્ય

### સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન


૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું, ઊભુ હતું
૪ હજામડી
૫ કચાટ
૬ બાળ૦ બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો-૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો ને રાક્ષસ
૧૭ રૂપસિંહ-રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ
૩૭ જુગતરાંમના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો-૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજી૦ પડી ગયા
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને-
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાન્ય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળ૦ બીરબલ-૨
૫૪ છેટા રહેજો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓત૦ દીવાલો-૧
૬૨ ઓત૦ દીવાલો-૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત-મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ-ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન


### બાળસાહિત્ય ગુચ્છ


૧ જોયું ને આંખ ઠરી
૨ ઠેકંઠેકા
૩ દાદાજીની તલવાર
૪ વસંત આવી
૫ તફતફ તરૂરૂર
૬ વિલાયતી વાતો
૭ ગામડામાં ગયો હતો
૮ ટેક
૯ આંબો રોપ્યો
૧૦ સટરપટર વાતો
૧૧ ભેંશના શિંગડામાં
૧૨ લાલ અને હીરા
૧૩ જીવજંતુ
૧૪ હેમુભાઈના પાઠો
૧૫ કાવ્યો
૧૬ પક્ષીઓ
૧૭ વૃક્ષો
૧૮ વિજ્ઞાન


# બાળ સાહિત્યગુચ્છ

સંપાદકો


ગિજુભાઈ
તારાબહેન


## તફ્તફ્ તરૂરૂર્

શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય
સંપાદકો : શ્રી ગિજુભાઈ અને તારાબહેન

## બાળસાહિત્ય ગુચ્છ

# તક્ તક્ તક્ તર્ર્ર્

: લેખક :

ગિજુભાઈ

પ્રૌઢશિક્ષણ નિયામકશ્રીના પત્ર નં. પ્રઢશ/૮૯-ગ-૧/૧૦૪૫-૧૧૫૦
તા. ૨૪-૪-૧૯૮૯ના પત્રથી જનશિક્ષણ કેન્દ્રો તથા અવૈધિક શિક્ષણ
માટે ખરીદવા ભલામણ થયેલ છે.

આર. આર. શેઠની કંપની
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૨ * ગાંધી રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ • અમદાવાદ ૩૮૦ ૦૦૧

©
પ્રકાશકનાં

પુનઃસંપાદિત : પુનર્મુદ્રણ
નવેમ્બર ૧૯૮૯ : પ્રત ૨૧૦૦

રૂ. ૩–૦૦

મુદ્રક
ભગતભાઈ ખી. શેઠ, શ્રી પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી સ્ટેશન રોડ, સોનગઢ ૩૬૪૨૫૦

## તક્ તક્ તક્ તર્ર્ર્

એક હતો ભરવાડ. એક વાર બકરાં ચારવા ગયો.

ભરવાડ એક લાકડી કાપવા ઝાડ ઉપર ચડ્યો, ને જે ડાળીએ બેઠો હતો તે જ ડાળ કાપવા માંડ્યો.

એક મહંતનું ટોળું એ માર્ગેથી જતું હતું. મહંત કહે: ‘એ ભાઈ! બીજી ડાળે બેસીને કાપ, નહિ તો પડી જઈશ.’

ભરવાડ કહે : ‘પડ્યો પડ્યો; છાનો માનો ચાલ્યો જા ને? આવા લંગોટા જ બહુ હાલી મળ્યા છે. મફતનું ખાવું ને મસીદે સૂવું. નહિ ધરાળ, નહિ ઉલાળ. છે કાંઈ ઉચાટ?’

મહંત સમજુ હતા. એક અક્ષરે બોલ્યા નહિ ને હસતા હસતા પોતાને રસ્તે પડ્યા.

એક ખેતરવા ગયા ત્યાં ભરવાડ દોડતો દોડતો આવ્યો ને કહે : ‘મહારાજ! તમે જ પરભુ. તમે કીધું હતું એમ જ થયું. મારો અપરાધ માફ કરો ને મને તમારો ચેલો કરો.’

મહંત કહે : ‘કેમ, શું થયું?’

ભરવાડ કહે : 'તમે કહેતા હતા એમ ડાળ તૂટી ને હું હેઠે પડ્યો. આજથી તમે મારા ગુરુ અને હું તમારો ચેલકો. મારે બકરાં નથી ચારવાં.'

મહંતે ભરવાડને ચેલો કરી થાપ્યો.

મહંતનાં તો ગામેગામ સામૈયાં થાય છે; થાળ ધરાય છે, આગતાસ્વાગતા થાય છે ને પગ ચંપાય છે. ભરવાડના મનમાં થયું : 'માળું ! આવું મને થાય તો કેવું સારું ?'

મહંત ભરવાડનો વિચાર જાણી ગયા. મોટું એવું ગામ આવ્યું. મહંતે ભરવાડને મહંત બનાવ્યો ને પોતે ચેલો થયા. અને કહ્યું : 'આજથી તમે મહંત. આજથી તમારું થાપ્યું થપાય ને તમારું ઉથાપ્યું ઉથાપાય. તમારો પડ્યો બોલ સહુ ઉપાડે. પણ એક શરતે : ગામ આવે ત્યારે તમારે મૂંગા રહેવું. જે દિવસે એ ચૂક્યા તે દિવસ તમે મારા મહંત નહિ ને હું તમારો ચેલો નહિ.'

ભરવાડ તો બહુ રાજી થયો.

ભરવાડ મહંત થયો છે. ગામેગામ સામૈયાં થાય છે. ઘેરઘેર પધરામણી થાય છે. મહંતે મુનિવ્રત લીધાં છે. બોલતા યે નથી ને ચાલતા યે નથી. મૂંગા મૂંગા બેસી જ રહે છે.

બોલવાનું ઘણું મન થાય, પણ ના પાડી હતી એટલે ભાઈશા'બ શું કરે ? પરાણે બોલવું દાબી રાખે.

મહંતની પધરામણી રાજાના દરબારમાં થઈ. આખો



દરબાર હેકડેઠઠ જામ્યો છે; પંડિતો વાદવિવાદ કરી રહ્યા છે. મહંત પણ મોઢામાં પરાણે પરાણે જીભ ઘાલી બેઠા છે. બેઠા બેઠા મૂઢની જેમ સાંભળે છે. એમાં છેટેથી બકરાં દેખ્યાં. બકરાં દેખ્યાં ને વાત ગઈ. ઘણે દિવસે જોયાં. પોતાનાં બકરાં અને નેસ સાંભર્યાં ને બોલી જવાયું : 'તફ્ તફ્ તફ્ તર્ર્ર્....'

આખી સભા ખડ ખડ હસી પડી.

મહંતચેલા મનમાં કહે : 'માળે આ તો ભારે કરી ! મહંત કરીને બેસાર્યો પણ જાત ઉપર જઈને ઊભો રહ્યો. પણ હવે એનું માન રાખવું પડશે. એના બોલવાનો સવળો અર્થ કરવો પડશે.'

ચેલાને વેશે મહંત ઊભા થયા ને કહ્યું : 'અમારા ગુરુનું કહેવું બહુ ગૂઢ છે. એ વિના એ બોલતા જ નથી. એના બોલવાનો અર્થ ઊંડો છે. એમાં હસવા જેવું કાંઈ જ નથી.

'જુઓ, પહેલાં "તફ્" બોલ્યા એટલે ભગવાને બાળપણમાં તમને ભજવાની તક આપી, પણ એ તક ગુમાવી; બીજી તક જુવાનીમાં આપી એ પણ ગુમાવી; ત્રીજી તક ઘડપણમાં આપી, અને એ યે ગુમાવો તો પછી આ શરીર "તર્ર્ર્" કરતું ઊડી જવાનું, નાશ પામવાનું, જ્યાંથી આવ્યા ત્યાં ચાલ્યું જવાનું ને ચોરાશી લાખનો ફેરો ફરવાનો.'

આખી સભા આવી ગૂઢ વાણી વદનારા મહંત અને તેને સમજાવનારા ચેલાને નમી પડી.

ભરવાડ મહંતજી બધું મનમાં સમજી રહ્યા. માંહેનો ભેદ તો મહાદેવજી જાણે! મહંતજી ને ચેલો બે મનમાં સમજ્યા; અને ત્રીજા આપણે જાણીએ કે ભરવાડ મહંતે 'તફ્ તફ્ તફ્ તર્ ર્ ર્....' શા માટે કહ્યું હતું!

મહંતજી ચેલા હતા તો ભરવાડ મહંતનું માન રહ્યું.

## પાદખો ભાભો

એક હતો બાદશાહ. તે એક વાર શિકાર કરવા ગયો. શિકાર કરતાં કરતાં ઘણે દૂર નીકળી ગયો. ખરા બપોર થઈ ગયા, તો યે ક્યાંઈ શિકાર હાથ આવ્યો નહિ.

બાદશાહ તો ચાલ્યો જાય છે. ચાલતાં ચાલતાં એક નાનું એવું ગામડું આવ્યું. ગામને પાદર એક વાડી હતી. વાડીમાં કોસ વહેતો હતો. બાદશાહ વાડીમાં ગયો. ભૂખ કકડીને લાગેલી ને દિલ્લી તો ક્યાંઈ દૂર રહી ગયું!

વાડીના પટેલ કોસ છોડી ભાત ખાવા બેસતા હતા. તેણે બાદશાહને જોયા અને સારાં લૂગડાં પહેરેલાં જોઈ કોઈ સારું માણસ છે એમ માની ખાટલો ઢાળી આપ્યો; ઉપર ગોદડું પાથર્યું. બાદશાહ ત્યાં બેઠા.

બાદશાહ કહે: 'પટેલ, કાંઈ ખાવાનું હોય તો આપો. ભૂખ બહુ લાગી છે.'

પટેલ કહે : 'હંઅં....ને બાપુ! હમણાં જ ભાત આવ્યું છે. રોટલો ને ડુંગળીના દડા. બીજું તો અમારા ભાતમાં શું હોય? અમે તો ગરીબ માણસ કહેવાઈએ.' એમ કહી પટેલે બાદશાહને રોટલા ને ડુંગળી આપ્યાં.

બાદશાહને તો ખૂબ ભૂખ લાગેલી એટલે માંડ્યું આરોગવા. રોટલો ને ડુંગળી એવાં તો મીઠાં લાગ્યાં, કે ન પૂછો વાત. આવી મીઠાશથી કોઈ વાર પોતે મહેલમાં યે નહોતા જમ્યા !

પટેલ તો અછોઅછો વાનાં કરે છે. તેનું ભલું ભોળું મન અને મહેમાની જોઈ બાદશાહ રાજી રાજી થઈ ગયા.

વાડીની શીતળ છાયામાં બે ઘડી વિસામો લઈ બાદશાહ તો પાછા જવા તૈયાર થયા. જતી વખતે પટેલને કહે : 'પટેલ ! હું દિલ્હીમાં રહું છું. તમે એક વાર દિલ્હી જોવા આવજો. જોવા જેવું છે.'

પટેલ કહે : 'અરે બાપુ, દિલ્લી જોવાનું તો ઘણું મન થાય છે. પણ ઈ મોટું શહેર, ત્યાં કોઈ ભાવે ન પૂછે ! જઈને રહીએ ક્યાં? ઈ વિચાર આવે એટલે ન આવીએ. તમે કહો છો તો વળી કોઈ વાર આવશું. પણ દિલ્લીમાં તમે ક્યાં રહો છો ?'

બાદશાહ કહે : 'લ્યો, આ એક ચબરખી લખી આપું છું. એ જેને દેખાડશો તે મારું ઘર બતાવશે.'

'તમારું નામ શું ?'

'બાદશાહ.'

બાદશાહ ઉંમરે મોટા હતા, એટલે પટેલને લાગ્યું કે એકલા પાદખા ( બાદશાહ ) કાંઈ કહેવાય ? એટલે



એણે તો બાદશાહનું નામ 'પાદખા ભાભા' ઠરાવ્યું.

બાદશાહ ગયા. પટેલે બાદશાહની ચિઠ્ઠી સાચવીને મૂકી.

કેટલા યે દિવસો નીકળી ગયા. એક વાર પટેલ ને તેના બે ચાર ભાઈબંધો બેઠા હતા; વાતોના ગપ્પા સપ્પા મારતા હતા ત્યાં એકે કહ્યું : 'એલા હાલો ને દલ્લી જોવા જાયીં. કે' છે કે જોવા જેવું છે.'

બીજો કહે : 'આપણી ક્યાં ના છે? પણ ત્યાં જઈને કોને ઘેર રહેશું ? શહેરનાં માણસ તો આપણો ભાવે ન પૂછે.'

પટેલ કહે : 'જાવું હોય તો હાલો ને હું યે આવું. ત્યાં મારો એક ઓળખીતો છે. બહુ તાણ કરી ગયો છે. એને ઘેર જઈને રે'શું.'

બધા નક્કી કરીને દિલ્હી જોવા ચાલ્યા.

બે–ત્રણ દિવસે દિલ્હી જઈ પહોંચ્યા. દરવાજામાં પેસતાં જ ભાભાએ દરવાનને પૂછ્યું : 'એલા ભાઈ, અહીં એક પાદખો ભાભો રહે છે ને?'

દરવાન કહે : 'આ કાંઈ ગામડું નથી. આ તો છે દિલ્હી. એમાં એમ કોઈનો પત્તો ન લાગે. પાદખા ભાભાનું નામ અમે તો કોઈએ સાંભળ્યું નથી.'

પટેલ કહે : 'આ રહી એની ચિઠ્ઠી. એણે તો કીધું

છે કે જેને દેખાડશો ઈ મારું ઘર દેખાડશે.'

દરવાને ચિઠ્ઠી લીધી. વાંચે ત્યા તો બાદશાહનું નામ !

દરવાન તો વિચારમાં પડી ગયો કે આ ગામડિયા રોંચા પાસે બાદશાહની ચિઠ્ઠી ક્યાંથી ?

દરવાન કહે : 'પટેલ, આ તો બાદશાહની ચિઠ્ઠી છે. આ તો દિલ્હીનો ધણી. ચાલો તમને મૂકવા આવું.'

પટેલ તો ખુશી ખુશી થઈ ગયા ને પોતાના સાથીઓને લઈને બાદશાહના મહેલ પાસે આવ્યા.

મહેલના દરવાજા પાસે આવી દરવાને બીજા દરવાનને ભલામણ કરી કહ્યું: 'આ પટેલિયાઓને બાદશાહ પાસે લઈ જાઓ. એમની પાસે બાદશાહની ચિઠ્ઠી છે.'

સૌ આગળ ચાલ્યા જાય છે. પટેલ બાદશાહનો મહેલ જોઈ વિચારમાં પડ્યા : 'માળો પાદખો ભાભો તો બહુ પૈસાવાળો લાગે છે. આ એનાં ઘર તો જુઓ ! ઊંચે જોઈએ ત્યાં માથેથી પાઘડી યે પડી જાય છે !'

પટેલે દરવાનને કહ્યું : 'હેં ભાઈ! આ બધું પાદખા ભાભાનું છે ?'

દરવાન કહે : 'એલા, પાદખા ભાભા પાદખા ભાભા શું કહો છો ? સાંભળશે તો ફાંસીએ દેશે. એ તો આપણો રાજા છે.'

પટેલ કહે : 'હેં, આપણે રાજા ! એણે તો કીધું'તું કે મારું નામ પાદખો. પણ એકલા પાદખો કે'વું એના કરતાં પાદખા ભાભા કહીએ એ જરા સારું લાગે. પણ ઈ આપણો રાજા હશે એની તો અમને ખબર જ નઇ !'



કચેરીના દરવાજા પાસે જઈ દરવાને હજૂરીને કહ્યું : 'બાદશાહ સલામતને ખબર આપો કે પટેલિયા આપને મળવા આવ્યા છે. એમની પાસે આપની ચિઠ્ઠી છે.'

બાદશાહને હજૂરીએ ખબર આપ્યા. બાદશાહ કહે : 'આવવા દો.'

કચેરી ભરાઈને બેઠી છે. બાદશાહ સિંહાસન ઉપર બેઠા છે. ત્યાં પટેલિયા આવ્યા. બાદશાહને જોતાવેંત પટેલ બોલી ઊઠ્યા : 'ઓલ્યા, સામે બેઠા છે ઈ જ તે પાદખા ભાભા !'

સિપાઈએ આંખ તાણી. પણ ત્યાં કોણ સમજે ? બધી કચેરી હેબતાઈ જ ગઈ !

પટેલ તો દોડ્યા ને 'પાદખા ભાભા ! રામ રામ; પાદખા ભાભા ! રામ રામ.' કહેતા સિંહાસન પાસે પહોંચ્યા.

બાદશાહ એની મહેમાની હજી ભૂલ્યા નહોતા. રોટલા ને ડુંગળીનો સ્વાદ હજી એની દાઢમાં હતો. ગામડિયાની સરળતા તે જાણતા હતા.

બાદશાહે કચેરીમાં જાહેર કર્યું : 'એ તો મારા ભાઈબંધો છે.'

પટેલને કહ્યું : 'ઓહો પટેલ ! કાંઈ ઝાઝે દિવસે મને સંભાર્યો ! આજ તો થાક્યા પાક્યા હશો તે આરામ લ્યો. પછી નિરાંતે મળશું.'

બાદશાહે નોકરને બોલાવી હુકમ આપ્યો : 'એક મહેલમાં આમને ઉતારો આપો.'

નોકર પટેલને લઈ ગયો. એક સાત માળના મહેલમાં તેમને ઉતારો આવ્યો. પણ પટેલે તો ચોખ્ખી ફૂલ ના પાડી: 'ઈ ઉપરાઉપર ઘર ચડાવ્યાં છે ત્યાં અમે નઈ ઊતરીએ. ઘર પડે તો મરી જ જઈએ કે બીજી વાત ?'

નોકર કહે : 'અરે બાપુ, એ તે કાંઈ એમ પડતાં હશે ? એ તો ચણેલાં છે, ચણેલાં. બાદશાહ પોતે રહે છે કે નહિ ?'

પટેલ કહે : 'ના; ઈ ભલે રે'તા. પણ અમે તો ઉપર ચડીએ એટલી જ વાર. કડુડભૂસ કરતાં બધાં હેઠે પડે, ને અમે બધાં દબાઈ જઈએ. આ અમે નજરે જોઈએ છીએ ને, કે એક ઉપર બીજું ને બીજા ઉપર ત્રીજું એમ સાત–આઠ ચડાવ્યાં છે. એમ તે ક્યાંઈ રે'તા હશે ?'

નોકરે પટેલને ઘણા સમજાવ્યા, પણ એ શાના સમજે ?

આખરે કંટાળીને નોકરે બાદશાહ પાસે આવી બધી વાત કરી. બાદશાહ પટેલના ભોળપણથી હસ્યા ને એક ભોંયતળિયે સારા દીવાનખાનામાં ઉતારો આપવા કહ્યું.



તરત જ નોકર ગયો ને એક સારા દીવાનખાનામાં પટેલને ઉતારો આપ્યો.

દીવાનખાનામાં ચારે બાજુ મખમલના ગાદીતકિયા બિછાવેલા હતા. હાંડીઓ ને ઝુમ્મર લટકી રહ્યાં હતાં. દીવાઓની રોશનીથી ઝળહળ ઝળહળ થઈ રહ્યું હતું. ભોંયતળિયે કિનખાબ લપેટાની શેતરંજી પાથરેલી હતી; ચારે બાજુ નરમ નરમ કોચ ને પલંગ બિછાવેલા હતા.

આ બધું જોઈને પટેલ અને એના સાથીઓ તો આભા જ બની ગયા.

કિનખાબ લપેટાની શેતરંજી ઉપર પગ મૂકતાં એમનો જીવ ન ચાલ્યો. 'આવી રૂપાળી શેતરંજી બગડે ને !' એવો વિચાર કરી એને ઉપાડીને એક ખૂણામાં નાખી.

પછી કોચ ઉપર જઈને બેઠા. પણ આ શું ? જાણે અરધા અંદર ખૂતી ગયા !

પટેલ કહે : 'એલા, આમાં તે શે બેસાય ? આમાં તો ગદગદિયાં થાય છે; ને અરધા અંદર ખૂતી જઈએ એવા તો પોચા છે !'

બધાએ વારાફરતી બેસી જોયું, પણ ધૂળનાં ઢેફામાં રખડનારને એ કેમ ગમે ? એ તો બેઠા જઈને એક ખૂણામાં.

પટેલ કહે : 'આ આટલું બધું ઝગમગ ઝગમગ શું ?

આંખો તો ઊઘડતી નથી.'

પટેલ તો જે ડાંગ લઈને ઉપડ્યા ને તે બધાં ય હાંડીઝુમ્મરનો કચ્ચરઘાણ વાળી નાખ્યો; ફક્ત એક દીવો રાખ્યો.

સૂવાને માટે છત્રીપલંગ હતા; પણ આ ભાઈશા'બને એમાં કેમ ફાવે? એ તો કહે : 'અમે અમારે બહાર ખેતરમાં પડ્યા રહેશું.'

બીજે દિવસે બાદશાહે એમની મહેમાનગતી કરી. દૂધપાક પૂરીનું જમણ કરાવી તેમને ઉતારે મોકલાવ્યું. દૂધપાક પૂરી તો જનમ ધરીને જોયેલાં જ નહિ. બધાં અંદર અંદર વાતો કરવા લાગ્યા : 'માળું! આ તે શું હશે? ટીકડી જેવડી રોટલી ને હળદર વિનાની કઢી! આમાં તે શું ખાવું'તું?'

પટેલ કહે : 'આ તો ભારે થઈ! ઉતારો આપ્યો તો સૂવા બેસવા જેવું ન મળે. જ્યાં બેસીએ ત્યાં અરધા ખૂતી જઈએ. ખાવાનું મોકલ્યું તો ટીકડી જેવડી રોટલી ને હળદર વિનાની કઢી! મારી વાડીએ આવ્યા ત્યારે મેં તો આ....ને મજાના ગાડાના પૈડા જેવડાં બે રોટલા અને ડુંગળી આપ્યા'તાં. આના કરતાં તો ખજૂર ને દાળિયા મોકલ્યા હોત તો પેટ ભરીને ખાત તો ખરા!'

નોકરે જઈને બાદશાહને વાત કરી.



બાદશાહ કહે : 'જાઓ, એમને એક ગૂણ દાળિયાની ને બે–ત્રણ ખજૂરનાં વાડિયાં મોકલી દ્યો.'

તરત જ માણસો દોડ્યા ને ખજૂરનાં વાડિયાં અને દાળિયાની ગૂણ લાવીને પટેલ આગળ હાજર કર્યાં.

પટેલ કહે : 'એલા, પાદ્દખો ભાભો સારો તો ખરો, હો! એક હારે દાળિયાની ગૂણ ને ખજૂરનાં ત્રણ–ચાર વાડિયાં મોકલી દીધાં.'

બીજે દિવસે બાદશાહે કચેરી ભરી, ને તેમાં પટેલને જોવા માટે તાયફાનો જલસો રાખ્યો. નાચગાન શરૂ થયાં.

પટેલ તો કાંઈ સમજે જ નહિ. એ તો વિચારમાં પડી ગયા : 'આ ક્યારની આમ શું કરતી હશે? ઝોડ વળગ્યું લાગે છે. લાવો ને એક કોશનો ડામ દઈએ તે છાનીમાની બેસી જાય!'

એક જણ ઊઠ્યો. ક્યાંકથી કોશ ધગાવીને લઈ આવ્યો ને કહે: 'લે રાંડ, ક્યારની ધૂણછ તે પાંશરી કરી દઉં! આ આપણા રાજાનું યે નથી માનતી? છો કોણ?' એમ કહી ડામ દેવા જાય છે ત્યાં તો 'હં, હં....' કરતા બાદશાહ ઊઠ્યા ને હાથ પકડી રાખ્યો.

બાદશાહ કહે : 'અરે પટેલ! આ શું કરો છો?'

પટેલ કહે : 'શા'બ! જુઓ ને? એને ઝોડ વળગ્યું

લાગે છે. ક્યારની ધૂણે છે ને તમારુંયે નથી માનતી. હમણાં ઝોડ કાઢી મૂકું છું.'

બાદશાહ હસી પડ્યા, ને નાચ બંધ કરાવ્યો.

બેચાર દિવસ થયા. બાદશાહે પટેલને આખું દિલ્હી શહેર બતાવ્યું. પછી પટેલે જવાની રજા માગી.

બાદશાહ કહે : 'પટેલ, હજુ રહો ને ? એવડી શી ઉતાવળ છે ? ત્યાં કોણ વારે ઘડીએ આવવા બેઠું છે ?'

પટેલ કહે : 'રહીએ તો ખરા, પણ અમને અહીં ફાવતું નથી. તમે તો ઘણા વાનાં કરો છો.'

બાદશાહ કહે : 'ઠીક ત્યારે, કાલે જજો. કાલે સવારે કચેરીમાં આવજો. ત્યાં તમને રજા આપશું.'

બીજે દિવસે કચેરી ભરાઈ. પટેલો કચેરીમાં આવીને બેઠા.

બાદશાહે પટેલ અને તેની સાથે આવેલા કણબીઓનાં વેરોવિઘોટી માફ કર્યાં.

પટેલિયાના આનંદનો તો પાર ન રહ્યો. આંખમાંથી હરખનાં આંસુ પડવા લાગ્યાં.

પટેલ તો બાદશાહના પગ પાસે આળોટી પડ્યા. બાદશાહ આ ભલા માણસોની ભલાઈથી ખૂબ પ્રસન્ન થઈ ગયા.



'અન્નદાતા ! હવે અમે રજા લેશું.' પટેલે રજા માગી.

બાદશાહે જતી વખતે આપવું ઘટ્યું તે આપ્યું ને વિદાય કર્યાં.

પટેલ ઘેર ગયા. બાદશાહને તો ભૂલે જ શાના ? એ તો દિલ્હીની ને બાદશાહની વાતો કરતા ધરાય જ નહિ !

## રઘુ રાજા

રઘુ રાજા મહા દાનેશ્વરી હતા. મોઢે માગ્યું આપે. એની પાસેથી કોઈ પાછું જાય જ નહિ. એનો રાજ-ભંડાર ગરીબોને માટે હંમેશાં ઉઘાડો જ રહે.

રઘુ રાજાને પચાસ રાણીઓ હતી. પચાસેનાં કાંઈ રૂપ? રૂપરૂપના અવતાર ને તેજતેજના અંબાર! પચાસેનાં લૂગડાં સરખાં, પચાસેનાં ઘરેણાં સરખાં, પચાસેના વાન પણ સરખાં. એકને જુઓ ને બીજીને ભૂલો.

એક વાર પટરાણીએ કહ્યું : 'મહારાજ! મારે કાશીએ જાત્રા કરવા જવું છે. ગંગાને આરે એક હજાર ગાયોનાં દાન દેવાં છે.'

રાજા કહે : 'બહુ સારું.'

રાજાએ પ્રધાનને કહ્યું. પ્રધાને સૈન્ય સામન્ત તૈયાર કરાવ્યું ને પટરાણી કાશીની જાત્રાએ નીકળ્યાં.

કાશીએ જઈ ગંગાને કિનારે પડાવ નાખ્યો. ગંગાના પવિત્ર જળમાં સ્નાન કરી રાણીએ ગાયોનાં દાન દેવા માંડ્યાં. ગાયો રૂપાળી શણગારેલી હતી. સોનાની શીંગડીઓ હતી, રૂપાની ખરી હતી, ત્રાંબાનો બરડો હતો



ને ઉપર એક એક અંબર ઓઢાડ્યું હતું. સાંજ સુધી ગાયોનાં દાન દીધાં. છેલ્લી ગાયનું દાન દઈ રાણી ઊઠ્યાં.

છેલ્લી ગાય લઈ જનાર બ્રાહ્મણને એક માંજરી આંખવાળો બ્રાહ્મણ મળ્યો.

માંજરી આંખવાળો બ્રાહ્મણ કહે : 'એલા ભાઈ, આ ગાય ક્યાંથી લાવ્યો?'

બ્રાહ્મણ કહે : 'વાહ! તને ખબરે ય નથી? રઘુ રાજાનાં પટરાણી આવ્યાં છે, તે સવારથી ગાયોનાં દાન કરે છે.'

માંજરી આંખવાળો કહે : 'હું જાઉં? મને યે આપશે ને?'

બ્રાહ્મણ કહે: 'આ છેલ્લી હતી તે મને આપી દીધી છે. પણ જા ને, એ તો રાણી છે. કાંઈ ના નહિ પાડે.'

માંજરી આંખવાળા બ્રાહ્મણે રાણીની પાસે જઈને ગાય માગી.

ગાયો તો અપાઈ ગઈ હતી. પણ બ્રાહ્મણને કાંઇ પાછો વળાય? રાણીએ ગાયના કરી વીશ રૂપિયા આપ્યા ને સંકલ્પ કરાવવા ચકમાંથી હાથ બહાર કાઢ્યો.

સોનાની શરણાઈ જેવો રાણીનો હાથ જોઈ પેલાની બુદ્ધિ બગડી ને રૂપિયાને બદલે રાણીનો હાથ પકડી કહ્યું : 'સ્વસ્તિ!'

રાણી કહે : 'અરરર! આ તમે શું બોલ્યા? તમે

તો મારી જ "સ્વસ્તિ" કહી? હું તો રઘુ રાજાની રાણી છું!'

રાણી તો વિચારમાં પડી ગયાં કે હવે શું થાય?

બ્રાહ્મણને લઈને રાણી અયોધ્યા ગયાં.

રઘુ રાજા પણ વિચારમાં પડ્યા કે હવે શું થાય? બ્રાહ્મણે 'સ્વસ્તિ' કહી નાખ્યું; હવે એને ના ન પડાય.

રઘુ રાજાએ પચાસે રાણીઓને સિંહાસને બેસાડી, બ્રાહ્મણને બોલાવ્યો ને કહ્યું : 'તમે જે રાણીનો હાથ પકડ્યો હોય એને ઓળખી લ્યો.'

બ્રાહ્મણ મોં જોવા લાગ્યો પણ ઓળખે ત્યારે ને? પચાસેનાં રૂપ સરખાં ને પચાસેનાં રંગ સરખા; સરખો પહેરવેશ ને સરખો દેખાવ. બ્રાહ્મણ મૂંઝાયો. કહે : 'રાજા! હું પેલી દાન દેનારી રાણીને ઓળખી શકતો નથી, માટે પચાસે રાણીઓ મને આપી દે.'

રાજા કહે : 'બહુ સારું, ભૂદેવ! પણ તમે તો બ્રાહ્મણ છો ને આ તો રાણીઓ છે. તેમણે કોઈ દિવસ તડકોછાંયો ભાળ્યો નથી. તમારા ઝૂંપડામાં એ કેવી રીતે રહેશે? માટે આ રાજ પણ તમે જ રાખો.'

રઘુ રાજા રાજપાટ છોડી વનમાં ચાલ્યા ગયા. વનમાં ઋષિમુનિની સેવા કરે છે ને પ્રભુનું ભજન કરે છે.

એક વાર વૈકુંઠમાં એક અમરફળ આવ્યું. 'વિષ્ણુ કહે : 'મારે નથી ખાવું; શંકરને આપો'



શંકર કહે : 'મારે નથી ખાવું.'

શંકરે ફળ બ્રહ્માને મોકલ્યું; બ્રહ્માએ ઇંદ્રને મોકલ્યું; ઇન્દ્રે ઋષિઓને મોકલ્યું.

ઋષિઓ કહે : 'અમારે નથી ખાવું. અમારે અમર થઈને શું કરવું છે? જેને અમર થવું હોય તે ખાય. રઘુ રાજા ઘણા વર્ષથી આપણી સેવા કરે છે; વળી રાજા છે, લાખોનો પાળવાવાળો છે. એ અમર થાય તો સારું. માટે અમરફળ એને આપો.'

ઋષિઓએ અમરફળ રાજાને આપ્યું.

રાજા કહે: 'લાવ ને પેલા બ્રાહ્મણને મોકલું કે એ અમર થઈને ઝાઝું રાજ તો ભોગવશે!' રાજાએ ફળ બ્રાહ્મણને મોકલ્યું.

બ્રાહ્મણે વિચાર્યું : 'આ અમરફળ હોય તો રાજા પોતે જ ન ખાય? આ તો મને મારી નાખવા સારુ કાંઈ ઝેરી ફળ મોકલ્યું છે. મને મારીને રાજ અને રાણીઓ પાછાં લેવાં હશે.'

બ્રાહ્મણે ફળ પ્રધાનને આપ્યું. પ્રધાને એ ખાધું ને પચીસ વર્ષનો જુવાન બની ગયો!

બ્રાહ્મણને હવે અમરફળ ખાવાની ઇચ્છા થઈ. તેણે રઘુ રાજા પાસે જઈને અમરફળની માગણી કરી.

રાજા કહે : 'એ એક જ વૈકુંઠમાંથી આવેલું તે તમને મોકલ્યું. હવે બીજું નથી.'

બ્રાહ્મણ કહે : ‘ ચાલો ત્યારે વૈકુંઠમાં; ત્યાંથી અપાવો.’

રાજાએ ઋષિઓને કહ્યું. ઋષિઓ કહે : ‘ ચાલો ત્યારે ઇંદ્ર પાસે. આપણને તો એ ઇન્દ્રે મોકલ્યું હતું.’

બધા ઇંદ્ર પાસે ગયા. ઇંદ્ર કહે : ‘ મને તો બ્રહ્માએ આપ્યું હતું. ત્યાં જાઓ.’

બધા બ્રહ્મા પાસે ગયા ને અમરફળ માગ્યું.

બ્રહ્મા કહે : ‘ મને તો શંકરે મોકલ્યું હતું. ત્યાં જાઓ.’

બધા ત્યાં ગયા. શંકર કહે : ‘ મને તો વિષ્ણુએ મોકલ્યું હતું. ચાલો વૈકુંઠમાં જઈએ.’

બધા ઊપડ્યા, તે આવ્યા વૈકુંઠમાં. કહ્યું : ‘ મહારાજ ! આ બ્રાહ્મણને અમરફળ જોઈએ છે તે આપો.’

વિષ્ણુ ભગવાને એક દૂતને કહ્યું : ‘ આને એક અમરફળ આપો.’

દૂત બ્રાહ્મણને અમરફળ આપવા લઈ ગયો. રસ્તામાં કેટલાએક કુંડો આવ્યા. બ્રાહ્મણે પૂછ્યું : ‘ આ કુંડ શાના છે ? ’

દૂત કહે : ‘ અહીં તો જેવાં જેનાં કર્મ તેવાં ફળ. જેનાં સારાં કર્મો ન હોય તેને માટે આ કુંડ છે.’

આગળ ગયા ત્યાં એક મોટો કુંડ આવ્યો. બ્રાહ્મણ કહે: ‘ આ કોના માટે ? ’

દૂત કહે : ‘ તમારા માટે. ’



તરત જ બ્રાહ્મણ પાછો વળ્યો. ત્યાં એક જગ્યાએ મહેલ ચણાતો જોયો.

બ્રાહ્મણે પૂછ્યું: ‘ આ કોના માટે ? ’

દૂત કહે : ‘ રઘુ રાજા માટે. ’

બ્રાહ્મણ પાછો રઘુ રાજા પાસે ગયો ને કહ્યું : ‘ રાજા ! મારે તો બીજું કાંઈ નથી જોઈતું. તારું પૃથ્વીનું રાજ તને પાછું આપું છું; મને તારું સ્વર્ગનું રાજ આપ, ને તારા માટે મહેલ ચણાય છે તે પણ આપ. ’

રાજા કહે : ‘ ભલે મહારાજ ! તેમ કરો. ’ રાજાએ સ્વર્ગનું રાજ બ્રાહ્મણને આપી દીધું.

સૌ સૌને ઘેર ગયા ને રાજા પોતાના રાજમાં આવ્યા. ખાધું પીધું ને રાજ કર્યું.

☆